**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૩ ટકા

# શ્રાવણના પ્રારંભ સાથે બજારોમાં ધમધમાટ

## વ્રત-ઉપવાસ અને તહેવારોની સીઝનની અસર બજારોમાં દેખાઈ : ખાણીપીણીથી માંડીને પૂજાપાની ચીજવસ્તુઓ, તૈયાર કપડાં, કોસ્મેટીકસની ચીજવસ્તુઓની ખરીદી વધી

ગાંધીનગર, તા.૮

તહેવારોની સીઝન શરૂ થઈ છે તેની સીધી અસર બજારો પર જોવા મળી રહી છે. બજારોમાં જબરજસ્ત ભીડ ઉમટી પડી છે. તૈયાર કપડાં, જવેલરી, કોસ્મેટીકસથી લઈને પૂજાપાની ચીજવસ્તુઓના વેચાણમાં વધારો જોવા મળી રહ્યો છે. ખાણીપીણીની ચીજવસ્તુઓ પણ ખૂબ વેચાઈ રહી છે. કોરોનાની બીજી લહેર બાદ પ્રથમ વખત બજારોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે.






કોરોનાની બીજી લહેરની ભયાનક યાદોમાંથી ધીમે ધીમે સૌ કોઈ બહાર આવી રહ્યા છે. બજારોમાં જોવા મળી રહેલી ભીડ તેના પુરાવા આપી રહી છે. તહેવારો વ્રતોની સીઝન શરૂ થતા બજારોમાં લોકોની અવરજવર વધી ગઈ છે. તાજેતરમાં જ ગૌરીવ્રત અને જયાપાર્વતીના વ્રતની હમણાં જ પૂર્ણાહુતિ થઈ છે. દશામાનું વ્રત શરૂ થયું છે. દશામાનું વ્રત શરૂ થતાં જ બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. સેકટર-૭, સે-૨૧, સે-૨૪ના બજારોમાં દશામાના વ્રનતા પ્રારંભે પગ મૂકવાની જગ્યા ન હતી. દશામાની મૂર્તિઓ, પૂજાપાનો સામાન, સૌંદર્ય પ્રસાધનની ચીજવસ્તુઓ, તૈયાર વસ્ત્રો વગેરેની ખરીદી વધી છે. લોકોની ભીડ વધતાં ખાણીપીણીના બજારોમાં પણ ચમક દેખાઈ રહી છે. કોરોનાની બીજી લહેરના ડરની સીધી અસર ખાણીપીણીના બજારો પર થઈ હતી હવે ધીમેધીમે અસર ઓસરતા ખાણીપીણી માર્કેટ જામવા માંડયું છે.

શ્રાવણ મહિનો પણ શરૂ થઈ ચુકયો છે. શ્રાવણ મહિનામાં ઉપવાસનું ખૂબ મહત્વ હોઈ ફરાળી વાનગીઓ અને ફ્રુટસનું વેચાણ વધવા માંડયું છે. ફરાળી વાનગીઓની નવી નવી વેરાયટી બજારોમાં ખૂબ વેચાઈ રહી છે. કોરોના કાળમાં મંદ પડેલા ધંધા રોજગારમાં હવે તહેવારોની ચમક જોવા મળી રહી છે. બજારોમાં અવરજવર વધતા વેપારીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં વધુ વ્યાપાર-ધંધો વધશે તેવું વ્યાપારીઓનું મંતવ્ય છે.

# યજ્ઞ-હવન ગૃહસ્થ પરિવારને સ્વર્ગ બનાવે છે : કમલેશ શાસ્ત્રી

## સે-૨૪માં આર્યસમાજ ખાતે ઘર ઘર યજ્ઞ કાર્યક્રમનો શુભારંભ કરાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૨૪માં આર્યસમાજ તથા વૈદિક પરિવારના સંયુક્ત ઉપક્રમે સંયોજક ડૉ. ભાવપ્રકાશ ગાંધી દ્વારા તા.૮મી ઓગષ્ટ રવિવારના રોજ 'ઘર ઘર યજ્ઞ' અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં રોજડ ખાતેના દર્શન યોગ મહાવિદ્યાલયથી પધારેલા આચાર્ય યોગેશજી વૈદિકે હવનને એક સામાજિક, વૈયક્તિક, ધાર્મિક તથા નૈતિક અનિવાર્ય કર્તવ્ય તરીકે ઓળખાવ્યું હતું.



મુખ્ય વક્તા પંડિત કમલેશકુમાર શાસ્ત્રીજીએ કહ્યું કે 'જે દંપતિ નિત્ય પંચ મહાયજ્ઞ કરે છે તે જ સાચો ગૃહસ્થી છે. ગૃહસ્થ પરિવારને સ્વર્ગ બનાવનાર અમોલ સાધન હવન છે.'

આ સાથે તેમણે પંચ મહાયજ્ઞની મહત્તા વિસ્તારથી સમજાવી હતી. આ પ્રસંગે સ્વામી હરીશ્વરાનંદ સરસ્વતીએ શ્રીમદ ભગવદગીતા તથા રામાયણથી આગળ વધી વેદનો સ્વાધ્યાય કરવા તથા મહાપુરુષોના ચિત્રની નહિ, પરંતુ ચરિત્રની પૂજા કરવા જણાવ્યું હતું. સાચી કુળદેવી આપણા જ ઘરમાં માતા, દાદી, નાની, સાસુ વગેરે છે તેમની સેવા, સુશ્રુષા, સત્કાર કરી તેઓને પ્રસન્ન કરવા જણાવ્યું હતું.

# સૌરભ સોસાયટીમાં કોરોના વોરિયરનું કરાયેલું સન્માન

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી




નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે જનસેવાના અઢળક કામો કરીને ગુજરાતના ખૂણે ખૂણાનો વિકાસ કર્યો છે. આ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર મહોદયા નિલાબહેન શુકલએ કોરોના વોરિયર અશોક પટેલનું સન્માન કર્યુ હતું. આ પ્રસંગે નિલાબહેને જણાવ્યું હતું કે, કોરોના પેંડેમીકમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની નિર્ણાયક સરકારે વિકાસની ગતિ મંદ પડવા દીધી નથી.

જાણીતા કટાર લેખક પુલકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, રાજ્ય સરકારના પ્રયાસો સાથે પ્રત્યેક વ્યક્તિએ વિકાસ કાર્યોમાં યોગદાન આપવા આગળ આવવું જોઈએ. પ્રોફેસર પ્રજ્ઞાબહેન પ્રજાપતિએ પર્યાવરણ જાગૃતિ અંગે મનનીય વક્તવ્ય આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે સોસાયટીના પ્રવેશ દ્વારે અગાઉ ડસ્ટબીનના કારણે ગંદકીના ઢગ હતા પરંતુ સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલના પ્રયાસો અને રહીશોના પરિશ્રમથી વૃક્ષારોપણને કારણે આ જગ્યા નંદનવન જેવી બની છે.

આ પ્રસંગે ડો. હરજીવનભાઈ પટેલ, સૌરભ સોસાયટીના મંત્રી શ્રી જી. ડી. પરમાર, આઈસર્જન રાજેશ પ્રજાપતિ, વિજયભાઈ પંડિત સહિત મોટી સંખ્યામાં સોસાયટીના સભ્યો હાજર રહ્યા હતા. સ્મિતાબહેન અધવર્યુએ આભાર વિધિ કરી હતી.

# શહેરના યુવાનને સ્કોલરશીપનો ૧૫ હજારનો ચેક

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના યુવા સંશોધક ઝાલા કૃષ્ણવીરસિંહ રણવીરસિંહને ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરામાંથી




'હાઈ ક્વોલિટી રિસર્ચ' માટે શોધ યોજના અંતર્ગત બે વર્ષના કુલ ચાર લાખ રૂપિયા ગુજરાત સરકાર દ્વારા પાસ કરાયા છે. ગુજરાત સરકારના જ્ઞાનશકિત દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સ્કોલરશીપનો પ્રથમ ૧૫ હજારનો ચેક તેઓને અપાયો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. દેસાઈ લક્ષ્મણભાઈ રામાભાઈ,** ઉ.વ. ૫૫, આલમપુર
- **સ્વ. ઠાકોર બચુજી મગનજી,** ઉ.વ. ૬૮, સેકટર-૫

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. પારેખ બબુબેન મંગળદાસ,** ઉ.વ. ૮૩, સેકટર-૨૧
- **સ્વ. ચાવડા પશીબેન ડાહ્યાભાઈ,** ઉ.વ. ૭૮, સરગાસણ
- **સ્વ. પ્રજાપતિ મંજુલાબેન કનુભાઈ,** ઉ.વ. ૬૦, કુડાસણ

## સેકટર-૨ના સિનિયર સિટીઝનો દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૮

ચરેડી ખાતે ઝૂંપડામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સેકટર-૨ના સિનિયર સિટીઝન ગ્રુપના વડીલો દ્વારા ચોપડા અને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. જેમાં કોકીલાબોન, રખાબોન, ભાવનાબેન, દેવયાનીબેન ઉપસ્થિત રહ્યા હતા.



# વૃક્ષારોપણ અને તેના જતનમાં 'ઝાઝા હાથ રળિયામણા' કરતા પ્રકૃતિપ્રેમી નાગરિકો

## ગાંધીનગરના સેક્ટર-૨૬માં ઉમિયમ્ પર્યાવરણ ગૃપે છેલ્લા દોઢ વર્ષમાં આશરે એક હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું : આ ગૃપ દ્વારા કરાતી નિયમિત જળ સિંચન અને વૃક્ષોની માવજત ખૂબ જ પ્રશંસનીય

ગાંધીનગર, તા.૮

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં પર્યાવરણનું જતન અને વૃક્ષો થકી મળતા નિઃશુલ્ક પ્રાણવાયુનું મહત્ત્વ અને મૂલ્ય સારી રીતે સમજાવી દીધું છે. કોરોનાના કપરા કાળમાં ઓક્સિજન વિના તરફડી ઉઠેલા માનવીએ હવે માત્ર વરસાદ લાવવા માટે નહીં પરંતુ પોતાની આસપાસ પ્રદુષણમુક્ત શુદ્ધ વાતાવરણ બને જેના થકી તેની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે પણ વૃક્ષો વાવીને ઉછેરવાનું શરૂ કરી દીધું છે. એક સમયે સમગ્ર એશિયામાં ગ્રીનેસ્ટ કેપીટલની ઓળખ ધરાવતા ગાંધીનગરમાં પણ છેલ્લા કેટલાક સમયથી વિકાસકાર્યોની ઓથે કાઢવામાં આવી રહેલા વૃક્ષોના નિકંદનને કારણે શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો ખૂબ ચિંતિત બન્યા છે. ગાંધીનગરનો નાગરિક વૃક્ષોના નિકંદન સામે સાચો રોષ-વિરોધ પ્રદર્શિત કરી રહ્યો છે પરંતુ તે સાથે માત્ર વહીવટી તંત્રના ઠાલા આશ્વાસન ભરોસે બેસી રહેવાને બદલે જાતે જ કપાયેલા વૃક્ષોની ભરપાઈ કરવા તથા શહેરને ફરી હરિયાળુ બનાવવા પ્રયાસ પણ કરી રહ્યો છે જેમાં ગાંધીનગરના સેક્ટર-૨૬ ખાતેના ઉમિયમ્ પર્યાવરણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રકૃતિ પ્રેમી નાગરીકોનો પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે. આ ગ્રુપના પ્રકૃતિપ્રેમીઓના સંનિષ્ઠ પ્રયાસોને કારણે છેલ્લાં દોઢેક વર્ષમાં જ અંદાજે એક હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરી તેનો જતનપૂર્વક ઉછેર કરવામાં આવી રહ્યો છે.

વર્ષ ૨૦૨૦માં જયારે કોરોના મહામારીએ ચોતરફ હાહાકાર મચાવ્યો હતો ત્યારે લૉકડાઉનના સમયગાળામાં સેક્ટર-૨૬ ખાતે રહેતા




રાજેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, મહેશભાઈ પટેલ અને મહેશભાઈ પુરોહીત દ્વારા સેક્ટરના ખ-માર્ગ પાસેના એક ખૂણા પરની જગ્યાએ ૧૮ લીમડાના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્ય માટે તેમને શહેરના તત્કાલીન ડેપ્યુટી મેયર દ્વારા ટ્રી ગાર્ડ પૂરાં પાડવામાં આવતાં તેમનો ઉત્સાહ બેવડાયો હતો કેમ કે વૃક્ષારોપણ કર્યા પછી છોડને રખડતા ઢોરથી બચાવવા ટ્રી ગાર્ડ જરુરી હોય છે. ટ્રીગાર્ડ વગરનું વૃક્ષારોપણ સફળ થતું નથી તેવું તેઓ સારી રીતે જાણતા હતા. આ વૃક્ષારોપણ સાથે જ તેમણે સેક્ટરમાં નિયમિત રીતે વૃક્ષારોપણનું આયોજન કરી સેક્ટરને શહેરનું હરિયાળું સેક્ટર બનાવવાનો નિર્ધાર કર્યો જેના પરિપાકરૂપે ઉમિયા પર્યાવરણ ગૃપની રચના કરવામાં આવી.



સૌપ્રથમ કરવામાં આવેલા અઢાર વૃક્ષોના વાવેતર સ્થળને ગાંધીનગરની ઓળખ સાથે સાંકળવા 'જીજે-૧૮' જેવું નામ પણ આપવામાં આવ્યું.

આ પછી ઉમિયા પર્યાવરણ ગ્રુપમાં સેક્ટરના પર્યાવરણ બાબતે જાગૃત નાગરિકોને સાંકળીને વૃક્ષારોપણ કાર્ય માટે શ્રમદાન ઉપરાંત છોડ ટ્રીગાર્ડ ગ્રીનનેટ જળસિંચન માટે પાણીની ટેન્કર સહિતના ખર્ચ માટે સ્વૈચ્છિક દાન ભંડોળ પણ એકત્ર કરવાનું શરૂ કરાયું હતું. આ સાથે સેક્ટરમાં નવરાત્રી ચોક નજીક એક બિનઉપયોગી પ્લોટને શોધી ચોકના નામથી જ ત્યાં ૭૪ લીમડાના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. સેક્ટરની ફુટપાથ પાસે ૨૪ પીપળા વાવવામાં આવ્યા જેને 'પીંપળ લાઈન' નામ આપવામાં આવ્યું. સેક્ટરમાં એક સ્થળે એલ આકારમાં વાવેલા સળંગ ૧૨ વૃક્ષોને 'એલ-લાઈન' નામ આપવામાં આવ્યું છે. આ રીતે સેક્ટરમાં બગીચા પાસે નવરાત્રિ ચોક ફરતે આંતરિક માર્ગની બંન્ને તરફ તેમજ સંસ્કારધામ અને જયપ્રકાશ વિદ્યાલય વગેરે સ્થળે પણ વિવિધ ઘટાદાર વૃક્ષો થાય તેવા છોડનું વાવેતર કરવામાં આવ્યું. આ ગ્રુપનો આત્મવિશ્વાસ ત્યારે આસમાને પહોંચ્યો જયારે સેક્ટરમાં રહેતા શિક્ષાપત્રી ગ્રુપના વિષ્ણુભાઈ ચૌધરીએ એકસાથે ૧૦૦ ટ્રી ગાર્ડની ભેટ આપી તો બીજી તરફ ઉમિયા પર્યાવરણ ગ્રુપની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયેલા ઉનાવાના જય અંબે પરિવારે ૨૧ પીપળાના છોડ અને ૧૫ ટ્રીગાર્ડ આપ્યાં હતાં. ટ્રી ગાર્ડથી પણ મોટા થવા લાગેલા છોડની ડાળીઓને ઢોરથી બચાવવા તત્કાલીન મેયરે ગ્રીન નેટની વ્યવસ્થા કરી આપી તેમજ સેક્ટરમાં રહેતા સ્થાનિક કોર્પોરેટર ઉપરાંત શહેરના અન્ય અગ્રણી કોર્પોરેટરો સહિત હોદ્દેદારોએ આ ગ્રુપની પ્રવૃત્તિઓને બિરદાવી તેમને જરૂરી મદદ પ્રોત્સાહન પૂરું પાડવા માંડ્યું હતું. ગ્રુપના સ્વયંસેવકો માં પણ વધારો થઈ રહ્યો હતો અને વાવેલા વૃક્ષોને નિયમિતપણે ટેક્રર દ્વારા જળ સિંચન કરવા ઉપરાંત રજાના દિવસે સેકટરમાં નવા નવા સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું હતું. દાન ભંડોળમાંથી છોડનાં ઉછેર, વિકાસ અને જતન માટે જરુરી ખાતર તથા દવાની ખરીદી કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં અંદાજે આ ગ્રુપ દ્વારા અઢી લાખનો ખર્ચ કરીને ૯૫૦થી વધુ વૃક્ષો વાવવામાં-ઉછેરવામાં આવ્યા છે જે પૈકી ૫૦૧ વૃક્ષોનું આજે સવારે જ સેક્ટરમાં એક અવાવરુ પડેલા મોટા પ્લોટને ખૂબ જ મહેનતથી નકામા ઝાડી ઝાંખરા અને ગાંડાબાવળને દૂર કરી સ્વચ્છ બનાવી તેમાં વાવવામાં આવ્યા છે જેને 'ઉમિયા વન' નામ આપવામાં આવ્યું છે. હવે ઉમિયા પર્યાવરણ ગ્રુપને સર્વાનુમતે ઉમિયમ્ પર્યાવરણ ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે વિકસાવી આ પર્યાવરણ પ્રવૃત્તિને આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં મહેશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, મહેશભાઈ પુરોહિત, મનીષભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, લલીતભાઈ પટેલ સાહેબ, ધમાભાઈ પટેલ, મુખી પટેલ, આશુતોષ ત્રિવેદી, કાનજીભાઈ દેસાઈ, ધર્મેશ પ્રજાપતિ, ભાવેશ પટેલ, કમલેશ પટેલ, બ્રિન્દેશ પટેલ તથા આશિષ દેસાઈ વગેરે જેવા અનેક સ્વયંસેવકો જોડાઈ ચુક્યા છે ઝાઝા હાથ રળિયામણાંની ઉક્તિને સાર્થક કરવા સાથે શહેરના અન્ય સેક્ટરવાસીઓ માટે પ્રેરણાત્મક ઉદાહરણ પૂરું પાડી રહ્યાં છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com


## જન્મદિને વધામણી




**રાકેશ દવે**
રેડક્રોસ, ગાંધીનગર
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ



**ડેલ્વિના**
ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



**મહર્ષ એન મોદી**
મો. ૮૧૬૦૯ ૬૫૭૪૦



**પંશુલ હિતેશ ચૌધરી**

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'ચણા-સીંગની સજાવટ'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્યામ ઘટાના હિંડોળા યોજાશે.

## આમ આદમી પાર્ટીએ પેથાપુરમાં રોડ રીપેર કર્યો

વરસાદમાં તુટી ગયેલા રસ્તાઓ વારંવાર રજૂઆત કરવા છતાં રીપેર ન થતાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ જાતે તેને રીપેર કરી દઈ પ્રજાજનોની મુશ્કેલી નીવારી છે.

પેથાપુર ગામમાં આમ આદમી



પાર્ટીના વોર્ડ નં.-૨ ના ઉમેદવારો દ્વારા તુટેલા રસ્તા વિશે અવારનવાર રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આ પ્રશ્નનો ઉકેલ ન આવતા આખરે કાર્યકર્તાઓએ જાતે જ રસ્તાને રીપેર કર્યો હતો. આમ આદમી પાર્ટીના ઉમેદવારો પૃથ્વીરાજસિંહ જીતેન્દ્રસિંહ વાઘેલા, જય નવુજી વાઘેલા, પ્રીતિબેન શર્મા, ગાંધીનગર શહેર યુવા પ્રમુખ રજતભાઈ શર્મા અને મોબિનભાઈએ સ્વખર્ચે પેથાપુરના આરસીસી રોડ રીપેર કરાવ્યા હતા અને પ્રજાજનોની મુશ્કેલી નીવારી હતી.

## વિના મૂલ્યે ચોપડા વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

નાની દસકોશી વણકર સમાજના વિદ્યાર્થીઓને શુક્રવારથી સવારે ૧૧ થી સાંજે ૫ કલાક સુધી વિના મૂલ્યે ચોપડા વિતરણ કરવાનું આયોજન કરાયું છે. જેમાં જે વિદ્યાર્થીઓએ અગાઉથી ફોર્મ ભરેલ તેવા વિદ્યાર્થીઓએ ફોર્મની સ્લીપ રજૂ કરવાની રહેશે અને ફોર્મ ભરેલ નથી તેવા વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ રજૂ કરવાની રહેશે તથા અન્ય માહિતી માટે ડી.એમ. પરમાર મો. ૯૫૭૪૧ ૨૨૦૨૩નો સંપર્ક કરવા જણાવેલ છે.